**જ્રપ્રેસ નોટ્ર** **તા.૨૫/૦૮/૨૦૨૩**

**બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક પરપ્રાંતીય ઇસમને દેશી તમંચા (અગ્નિશસ્ત્ર) સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઇમસોને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં ગંભિર પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે અન્વયે ગેરકાયેદસર હથિયાર ધરાવતા ઇસમો ઉપર વોચ રાખી, આવા આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.બી.ટીમ** ગઇ કાલ તા.૨૪/૦૮/૨૦૨૩ નાં રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાબરા તાલુકાના રાણપર ગામ નજીકથી એક પરપ્રાંતિય ઇસમને દેશી હાથ બનાવટના તમંચા (અગ્નિશસ્ત્ર) તથા કાર્ટીજ સાથે પકડી પાડેલ છે.

**➡ પકડાયેલ આરોપીની વિગતઃ-**

પહાડસિંહ વેસ્તાભાઇ વાસ્કલ, ઉ.વ.૨૨, રહે. રાણપર ગામની સીમ, તા.બાબરા, જિ.અમરેલી, મુળ રહે. ઉમરીકનવાડા, શિવનીપાની ફળીયા, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ)

**➡ પકડાયેલ મુદ્દામાલઃ-**

એક દેશી હાથબનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) કિં.રૂ.૨,૫૦૦/- તથા લોખંડના કાર્ટીજ નંગ – ૨ કિં.રૂ. ૦૦/- તથા એક એન્ડ્રોઇલ મોબાઇલ ફોન, કિં.રૂ.૫,૦૦૦/- તથા

એક હીરો કંપની ડીલકસ મોડલનું મોટર સાયકલ રજી. નં.MP-69-ZA-0745 કિં.રૂ.૪૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૪૭,૫૦૦/- નો મુદ્દામાલ.**

અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી, આરોપી તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ,** તથા **હેડ કોન્સ. મનીષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઇ પાંચાણી,** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, ઉદયભાઇ મેણીયા** દ્વારા કરવામાં આવેલ છે.

**** પ્રેસ નોટ **** **તા.૨૬/૦૮/૨૦૨૩**

**બાબરા ટાઉનમાં રહેણાંક મકાનમાં દિવસ દરમિયાન થયેલ ઘરફોડ ચોરી ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** આજ રોજ તા.૨૬/૦૮/૨૦૨૩ નાં રોજ બાબરા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે બાબરા, સામુહીક આરોગ્ય કેન્દ્ર પાસેથી એક બાળ કિશોરને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, તેમના વાલી રૂબરૂ મજકુર બાળ કિશોરની મોબાઇલ ફોન અંગે પુછ પરછ કરી, ટેકનીકલ રીતે ખરાઇ કરતા, મળી આવેલ મોબાઇલ ફોન બાબરા ટાઉનમાં, પરવાડીયા શેરીમાં રહેણાંક મકાનમાંથી ચોરી કરેલ હોવાનું જણાય આવતા, ચોરીનો મોબાઇલ ફોન આગળની કાર્યવાહી થવા બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **મળી આવેલ મુદ્દામાલઃ-**

**એક ઓપો કંપનીનો A57 મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન, કિં.રૂ.૧૩,૯૯૯/-**

➡ **ડીટેકટ કરેલ ગુનાની વિગતઃ-**

ગઇ તા.૨૧/૦૮/૨૦૨૩ નાં રોજ સંદીપભાઇ ઘોઘાભાઇ સીતાપરા રહે.બાબરા, પરવાળીયા શેરી, તા.બાબરા વાળાના રહેણાંક મકાનમાંથી કોઇ અજાણ્યો ચોર ઇસમ રોકડા રૂપિયા તથા એન્ડ્રોઇડ મોબાઇલ ફોનની ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે **બાબરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૩૦૪૦૮ /૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪ મુજબ** ગુનો રજી. થયેલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ,** તથા **પો.હેડ કોન્સ. નિકુલસિંહ રાઠોડ, મનીષભાઇ જાની, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**❖ પ્રેસ નોટ ❖** **તા.૨૫/૦૮/૨૦૨૩**

**ભાવનગર જેલમાંથી વચગાળાના જામીન પર છુટી ૭ વર્ષથી ફરાર લીલીયા તાલુકાના ગુંદરણ ગામે ચકચારી ડબલ મર્ડર કેસના આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** દ્વારા લીલીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૩૦૨, ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બીએ વિ. મુજબના ગુનાના કામે ભાવનગર જેલ ખાતે કાચા કામના કેદી નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ આધારે તા.૧૭/૧૧/૨૦૧૬ ના રોજ વચગાળાના જામીન ઉપર મુક્ત થયેલ હોય અને મજકુર કેદીને તા.૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ભાવનગર જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે ભાવનગર જેલમાં હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હોય, મજકુર કેદીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે આજ રોજ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ પકડી પાડી, ભાવનગર જેલ હવાલે મોકલી આપેલ છે.

➡ પકડાયેલ કેદીઃ-

**સલીમભાઇ અબ્દુલભાઇ દલ, ઉ.વ.૪૭, રહે.પાલીતાણા, ઘાંચીની વાડી, તળાવ વિસ્તાર, તા.પાલીતાણા, જિ.ભાવનગર મુળ રહે.ગુંદરણ, તા.લીલીયા, જિ.અમરેલી**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પોલીસ સબ ઇન્સ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ,** તથા **પો. હેડ કોન્સ. આદિત્યભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. ભાવિનગીરી ગૌસ્વામી, હરેશભાઇ કુંવારદાસ** દ્વારા કરવામાં આવેલ છે.

**ૐ પ્રેસ નોટ ૐ** **તા.૨૪/૦૮/૨૦૨૩**

## બંધ મકાનોમાં ઘરફોડ ચોરી કરનાર સીકલીગર ગેંગના ત્રણ સભ્યોને સોના ચાંદીના દાગીના સહીત કુલ કિં. રૂ.૫,૫૦,૬૨૯/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી તથા રાજકોટ જિલ્લાના કુલ – ૪ ચોરીઓના ગુનાઓ ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

⇨ **ગુન્હાની વિગતઃ-**

(૧) અનવરભાઇ ગુલાબભાઇ સેતા, ઉ.વ.૩૨, રહે.બગસરા, નટવરનગર, તા.બગસરા, જિ.અમરેલી વાળા ગઇ તા.૦૭/૦૮/૨૦૨૩ નાં રોજ પોતાનાં રહેણાક મકાનને તાળા મારી, પોતાના પરીવાર સાથે બહાર ગામ ગયેલ હોય, તે દરમિયાન ગઇ તા.૦૮/૦૮/૨૦૨૩ ની રાત્રીના અજાણ્યા ચોર ઇસમો અનવરભાઇના મકાનમાં ગે.કા. પ્રવેશ કરી, ઘરના કબાટના તાળા તોડી કબાટમાં રાખેલ રોકડા રૂ.૧૫,૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના કિં.રૂ.૨,૫૦૦/- મળી કુલ કિં.રૂ.૧૭,૫૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે અનવરભાઇએ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૨૦૩/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦** મુજબનો ગુનો રજી. થયેલ.

(૨) પંકજભાઇ ચંદુભાઇ ટાંકોદરા, ઉ.વ.૩૫, રહે.મોટા આંકડીયા, જૈન દેરાસરની બાજુમાં, તા.જિ.અમરેલી વાળા ગઇ તા.૧૦/૦૮/૨૦૨૩ નાં રોજ રહેણાંક મકાનને તાળા મારી, પોતાના પરીવાર સાથે હોસ્પીટલના કામથી બહાર ગામ ગયેલ હોય, આ દરમિયાન ગઇ તા.૧૨/૦૮/૨૦૨૩ ની રાત્રીના મકાનના ડેલાનો તથા દરવાજાનો લોક તોડી ઘરમાં પ્રવેશ કરી, ઘરના કબાટમાં રાખેલ રોકડા રૂ.૬૪,૫૦૦/- તથા સોના ચાંદીના દાગીના કિં.રૂ.૧,૩૫,૪૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૯૯,૯૦૦/- ના મત્તાની ચોરી કરી લઇ ગયેલ હોય, તેમજ હાર્દિકભાઇ મનુભાઇ સૈજાણીના બંધ મકાનના તાળા તોડી રોકડા રકમ તથા દાગીનાની ચોરી કરી લઇ ગયેલ હોય, તેમજ હિરાલાલ પાનસુરીયાના રહેણાંક મકાનમાંથી ચોરી કરી થયેલ હોય, આમ એક જ રાત્રેના ત્રણ મકાનના ઘરફોડ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે પંકજભાઇએ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦ ૪૪૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪** મુજબનો ગુનો રજી. થયેલ.

(૩) ગઇ તા.૧૩/૦૮/૨૦૨૩ ના રાત્રીના ધનશ્યામભાઇ રાણાભાઇ બાલધા, ઉ.વ.૩૭, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી વાળા પોતાના રહેણાંક મકાનને તાળા મારી, પોતાના પરીવાર સાથે બહાર ગામ ગયેલ હોય, તે દરમિયાન ગઇ તા.૧૪/૦૮/૨૦૨૩ ની રાત્રીના ધનશ્યામભાઇના રહેણાંક મકાનના ડેલાનું અજાણ્યા ઇસમોએ તાળુ તોડી, મકાનમાં ગે.કા. પ્રવેશ કરી, ઘરના રૂમના કબાટમાં રાખેલ રોકડા રૂ.૭૦,૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના કુલ કિં.રૂ.૨,૬૫,૫૦૦/- મળી કુલ કિં.રૂ.૩,૩૫,૫૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે ધનશ્યામભાઇએ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૧૮૧ /૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦** મુજબનો ગુનો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓએ જિલ્લામાં બનવા પામેલ ઘરફોડ ચોરીના બનાવ બનતા અટકાવવા ખાસ એકસન પ્લાન બનાવી, ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ. બનાવ વાળી જગ્યાની આજુ બાજુના તેમજ એન્ટ્રી એક્ઝિત પોઇન્ટ તમામના સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરવામાં આવેલ અને સી.સી.ટી.વી. માં દેખાય આવેલ શકમંદ ઇસમોની શોધખોળ શરૂ કરવામાં આવી, જે અન્વયે ગઇ કાલ તા.૨૩/૦૮/૨૦૨૩ નાં રોજ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમિયાન આંકડીયા ગામે, કુંકાવાવ રોડ ઉપરથી મોટર સાયકલમાં ત્રણ ઇસમોને શંકાસ્પદ હાલતમાં ચોરીના સાધનો સાથે પકડી પાડી, મજકુર ઇસમોની સઘન પુછ પરછ કરતા બગસરા, મોટા આંકડીયા, વાઘણીયા તેમજ ગોંડલની ચોરીઓની કબુલાત આપતા, ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ, સાધનો તેમજ ચોરીમાં ગયેલ રોકડ રકમ, સોના ચાંદીના સહિતનો મુદ્દામાલ રીકવર કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ⇨ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

(૧) ગોવિંદસીંગ નાનકસીંગ બાવરી (સીકલીગર), ઉ.વ.૨૪, રહે.વડોદરા, ઘાઘરેટીયા, ઇન્દ્રનગર, સોમાતળાવ, હાલ રહે.મોટી કુંકાવાવ, ભીમરાવનગર, વિજયભાઇ અમરાભાઇ લુહારના મકાનમાં, તા.વડીયા, જિ. અમરેલી.

(૨) ગુરૂમુખસીંગ કિશોરસીંગ ટાંક (સીકલીગર), ઉ.વ.૨૯, રહે.વડોદરા, વારસીયા, પાપલોર બેકરીની પાછળ, બીમા દવાખાના પાછળ, તા.જિ.વડોદરા, હાલ રહે. મોટી કુંકાવાવ, ભીમરાવનગર, વિજયભાઇ અમરાભાઇ લુહારના મકાનમાં, તા.વડીયા, જિ.અમરેલી.

(૩) સુરેન્દ્રસીંગ સંતોકસીંગ ડાંગી (સીકલીગર), ઉ.વ.૨૯, રહે.ગોંડલ, જામવાડી, તા.ગોંડલ, જિ.રાજકોટ

### ⇨ **કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-**

(૧) રોકડા રૂ.૨૦,૪૭૦/-

(૨) એક સોનાનું મંગળસુત્ર, વજન ૫૪.૮૦૦ ગ્રામ જેની કિં.રૂ.૨,૪૪,૨૬૦/-

(૩) એક જોડી સોનાની ધુઘરી વાળી કડલી, વજન ૪૦.૨૦૦ ગ્રામ જેની કિં.રૂ.૯૨,૨૭૬/-

(૪) એક સોનાની વીટી, વજન ૧.૯૦૦ ગ્રામ જેની કિં.રૂ.૯૭૭૦/-

(૫) એક જોડી સોનાની બુટ્ટી, વજન ૨.૪૦૦ ગ્રામ જેની કિં.રૂ.૧૦,૮૫૬/-

(૬) એક સોનાનો મીલનટોન ચેઇન, વજન ૫.૬૦૦ ગ્રામ જેની કિં.રૂ.૨૯,૮૫૪/-

(૭) એક સોનાનો વીલટોન ચેઇન, વજન ૮.૯૦૦ ગ્રામ જેની કિં.રૂ.૪૭,૨૨૩/-

(૮) બે સોનાની લગડીના ટુકડા, વજન ૧૦.૦૦૦ ગ્રામ જેની કિં.રૂ.૫૯,૦૦૦/-

(૯) બે સોનાની નથ, વજન ૦.૨૦૦ ગ્રામ જેની કિં.રૂ.૧,૧૮૦/-

(૧૦) ચાંદીના નાના મોટા સીક્કા નંગ -૯, વજન ૨૨.૭૦૦ ગ્રામ જેની કિં.રૂ.૧,૫૪૦/-

(૧૧) ચાંદીના છડા, કડલી નંગ – ૨, જાંજરી નંગ – ૨, વજન ૧૧૧.૧૦૦ ગ્રામ જેની કિં.રૂ.૩,૮૫૦/-

(૧૨) ધાતુના લટકણ – ૧, ધાતુની વીટી – ૧, ધાતુનો ચેઇન – ૧, કિં.રૂ.૦૦/-

(૧૩) એક કાપડની થેલી, કિં.રૂ.૦૦/-

(૧૪) એક લોખંડનું વાંદરીપાનુ, કિં.રૂ.૨૫૦/-

(૧૫) ડીસમીસ નંગ - ૨, કિં.રૂ.૧૦૦/-

(૧૬) ઓપો કંપનીનો એન્ડ્રોઇલ મોબાઇલ ફોન નંગ - ૨, કિં.રૂ. ૧૦,૦૦૦/-

(૧૭) એક હોન્ડા કંપનીનું લીવો ૩ આઇ.ડી. મોડલનું મોટર સાયકલ જેના રજી. નં.જીજે.૦૬.કે.સી.૦૪૧૬, કિં.રૂ.૨૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૫,૫૦,૬૨૯/- નો મુદ્દામાલ.**

**⇨<u>પકડાયેલ આરોપીઓએ ગુનાઓની આપેલ કબુલાલની વિગતઃ-</u>**

પકડાયેલ ઇસમોની સઘન પુછપરછ કરતાં, ત્રણેયે સાથે મળી નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) ગઇ તા.૦૮/૦૮/૨૦૨૩ ની રાત્રીના ત્રણેય બગસરામાં એક સોસાયટીના બંધ મકાનના તાળા તોડી સોનાના ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોય, જે અંગે ખરાઈ

કરતા **બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૨૦૩/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

(૨) ગઇ તા.૧૨/૦૮/૨૦૨૩ ની રાત્રીના ત્રણેય મોટા આંકડીયા ગામે ત્રણ બંધ મકાનોના તાળા તોડી સોના ચાંદીના દાગીના તથા રોકડા રકમની ચોરી કરેલ હોય, જે અંગે ખરાઈ **કરતા અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦ ૪૪૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪** મુજબનો ગુનો રજી. થયેલ છે.

(૧) ગઇ તા.૧૪/૦૮/૨૦૨૩ ની રાત્રીના ત્રણેય વાઘણીયા ગામે ત્રણ બંધ મકાનો તથા એક તબેલાના તાળા તોડી સોનાના ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોય, જે અંગે ખરાઈ કરતા **બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૧૮૧ /૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ** ગુનો રજી. થયેલ છે.

(૨) ગઇ તા.૧૦/૦૮/૨૦૨૩ ની રાત્રીના ગોંડલ, માર્કેટીંગ યાર્ડની સામે આવેલ ખોડીયારનગર સોસાયટીમાં ચોરી કરવા ગયેલ, ત્યાંથી એક મોટર સાયકલની ચોરી કરેલ, અને એક બંધ મકાનનું તાળુ તોડી ચોરી કરવા જતા આજુ બાજુમાંથી માણસો આવી જતા અને દેકારો થતા ભાગી ગયેલ અને આ વિસ્તારમાંથી બીજી એક મોટર સાયકલની ચોરી કરેલ બાદમાં ચોરી પૈકીની એક મોટર સાયકલ જેતપુર રોડ ઉપર મુકી જતા રહેલ હોય, જે અંગે ખરાઈ કરતા **ગોંડલ સીટી પો.સ્ટે. (જિ.રાજકોટ) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૫૨૩૦૯૭૧ /૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ** ગુનો રજી. થયેલ છે.

**➡પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી પૈકી ગોવિંદસીંગ નાનકસીંગ બાવરી વિરૂધ્ધ નીચે મુજબનો ઘરફોડ ચોરીનો ગુનો રજી. થયેલ છે.

(૧) પાણીગેટ પો.સ્ટે. (વડોદરા શહેર) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૭૨૧૦૨૮૩/૨૦૨૧, આઇ. પી. સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

પકડાયેલ ઇસમો કુંકાવાવ ગામે ભાડાના મકાનમાં રહેતા અને કોન્ટ્રાકટ બેજ ઉપર ભુંડ પકડવાનો વ્યવસાય કરતા હતા તેમજ ફુગા વેચવાનો ધંધો કરતા હોય, અને રાત્રી દરમિયાન પોતાની ઓળખ છુપાવવા માથા તથા મોઢા ઉપર બુકાની બાંધી, મોટર સાયકલ લઇ કુંકાવાવથી નિકળી આજુ બાજુમાં ગામડાઓમાં આંટા ફેરા મારતા, અને જે બંધ મકાન હોય તેને ટાર્ગેટ કરી, ઘરફોડ ચોરીને અંજામ આપતા હતા. મજકુર આરોપીઓ રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી કરવા માટે ચોરીના સાધનો સાથે નિકળેલ હોય, મજકુર આરોપીઓ ચોરીને અંજામ આપે તે પહેલા જ આરોપીઓને એલ.સી.બી. ટીમે પકડી પાડી, ઘરફોડ ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરેલ છે. મજકુર આરોપીઓએ

બગસરા ટાઉનમાં ત્રણ મકાનો, બગસરા તાલુકાના વાઘણીયા ગામે ત્રણ મકાનો તથા એક તબેલામાં તથા અમરેલી તાલુકાના આંકડીયા ગામે ત્રણ મકાનો તેમજ ગોંડલમાં એક મકાન તથા બે મોટર સાયકલો મળી ૧૧ મકાનો તથા ૨ મોટર સાયકલ મળી કુલ – ૧૩ ચોરી/ઘરફોડ ચોરીઓના ગુનાઓની કબુલાત આપેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. ભગવાનભાઇ ભીલ, મહેશભાઇ સરવૈયા, જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. નિકુલસિંહ રાઠોડ, મનિષભાઇ જાની, તુષારભાઇ પાંચાણી, કિશનભાઇ આસોદરીયા, આદિત્યભાઇ બાબરીયા, જાહીદભાઇ મકરાણી** તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, રાહુલભાઇ ઢાપા, હરેશભાઇ કુંવારદાસ** દ્વારા કરવામાં આવેલ છે